# <u>ઓકટોબર–૨૦૨૪ થી ડિસેમ્બર–૨૦૨૪</u>

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૨<br>તા.૧૬/૧૧/૨૦૨૪ | મુદ્દા નં.(૧)આપની કચેરીમાં એટલે કે ઈસ્ટ ઝોન–એ તથા બી માં આવેલ કુલ આરોગ્ય કેન્દ્રોની સંખ્યા તેમજ તેનાં નામ સરનામાં અને રેસીડેન્ટ મેડિકલ ઓફિસર(આર.એમ.ઓ.)નાં નામ, સરનામાં, હોદ્દો, ફોન નંબર સેવાનો સમય તેમજ વિશેષ સમયની તેમજ મુલાકાતીઓને મળવાનાં સમયની માહિતી આપશો. તેમજ દરેક આરોગ્ય કેન્દ્રનાં શરૂ થવા તથા બંધ થવા અંગેનાં સમયની માહિતીઆપશોવિગેરે કુલ–૧૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૦૬<br>તા.૧૬/૧૨/૨૦૨૪ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.PHD/FAP/03/2024, Dt.16/11/2024
આરોગ્યવિભાગ

**અરજદાર** : શ્રીપી.બી.વેકરીયા અને કે.એચ. ગજેરા

**સામાવાળા** : જાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો, (ફેમીલીપ્લાનીગ વિભાગ)સુરત મહાનગરપાલિકા

**(૧)**અરજદારશ્રીપી.બી. વેકરીયા દ્વારા તા.૧૬/૧૧/૨૦૨૪ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારીમુખ્ય કચેરી, આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી મુળ આઈ.ડી.નં.૫૪૨, ઈન્વર્ડ નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/ફાઈલ નં.૨૮૮, તા.૨૩/૧૦/૨૦૨૪ નાં રોજ તબદીલ થયેલ અરજીની મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપેલ નથી કે ફી પત્ર પાઠવેલ ન હોવાનુંજણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના નં.પીએચડી/એફએપી/૦૩, તા.૧૬/૧૧/૨૦૨૪ થી નોંધાયેલ છે.

**(૨)**અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૮/૧૦/૨૦૨૪(આઈ.ડી.નં.૫૪૨)થી જાહેર માહિતી અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, ઈસ્ટ ઝોન–એ તથા સરથાણા ઝોન–બી, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજીજાહેર માહિતીઅધિકારી અને મુખ્યઆરોગ્ય નિરીક્ષક નવો પૂર્વ (સરથાણા)ઝોનદ્વારા પત્ર નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/જાવક નં.૪૬૩, તા.૨૮/૧૦/૨૦૨૪ના રોજ જાહેર માહિતીઅધિકારી અને ફેમીલી પ્લાનીગ મેડિકલ ઓફિસરશ્રી, મુખ્ય કચેરી, આરોગ્યવિભાગ,સુરત મહાનગરપાલિકા પ્રતિ અરજદારશ્રીની જાણ હેઠળ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

**(૩)**અરજદારશ્રીદ્વારા સદર નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧)આપની કચેરીમાં એટલે કે ઈસ્ટ ઝોન–એ તથા બી માં આવેલ કુલ આરોગ્ય કેન્દ્રોની સંખ્યા તેમજ તેનાં નામ સરનામાં અને રેસીડેન્ટ મેડિકલ ઓફિસર(આર.એમ.ઓ.)નાં નામ, સરનામાં, હોદ્દો, ફોન નંબર સેવાનો સમય તેમજ વિશેષ સમયની તેમજ મુલાકાતીઓને મળવાનાં સમયની માહિતી આપશો. તેમજ દરેક આરોગ્ય કેન્દ્રનાં શરૂ થવા તથા બંધ થવા અંગેનાં સમયની માહિતીઆપશોવિગેરે કુલ–૧૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયેજાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો, (ફેમીલી પ્લાનીગ વિભાગ) દ્વારા કોઈ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાતું નથી.

**(૩)**અરજદારશ્રીનીઉકત નમુના 'ક' આર.ટી.આઈ.ની અરજી અન્વયેતા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરી નમુના'ક' ની અરજીથી **(ક)**આર.ટી.આઈ. એકટ મુજબ માહિતી અરજી દિન–૫ માં તબદીલ કરવાની હોવા છતાં જાણી જોઈને દિન–૨૧ બાદ અરજી તબદીલ કરેલ છે અને ગેરકાયદેસર તબદીલ કરી અમારો સમય વ્યય કરેલ છે અને માહિતી અરજી પ્રત્યે આંખ આડા કાન કરેલ છે.**(ખ)**આર.ટી.આઈ. એકટ મુજબ દિન–૩૦ માં માહિતી આપવાની હોવા છતાં માહિતી આપવાનો પ્રયાસ સુધ્ધા કરેલ નથી, ફી પત્ર પાઠવેલ નથી, નિરીક્ષણપત્ર આપેલ નથી તેમજ દિન–૩૦ માં માહિતી પુરી પાડવામાં આવેલ નથી કે માહિતી અરજીમાં કલમ ૨(ઠ) ૧અ મુજબ નિરીક્ષણ માંગેલ હોવા છતાં નિરીક્ષણ આપેલ નથી કે કોઈ માહિતી આપેલ નથી અને

નાગરીક અધિકાર પત્ર મેન્યુઅલ રાખવાનું ફરજીયાત હોવા છતાં નાગરીક અધિકાર પત્ર પણ આપેલ નથી. જેથી સરેઆમ કાયદાનો ભંગ કરેલ છે અને જાહેર માહિતીઅધિકારીએ તમામ માહિતી પોતાની કસ્ટડીમાં હોવા છતાં ગેરકાયદેસર રીતે માહિતી અટકાવેલ છે તેમજ માહિતી છુપાવવાનો પ્રયાસ કરેલ છે. **(ગ)**આર.ટી.આઈ. એકટ કલમ–૨(ઠ)૧(અ) મુજબ નિરીક્ષણ માંગેલ હોય જેની પણ કોઈ જાણ નથી. **(ઘ)**આર.ટી.આઈ. એકટની તમામ જોગવાઈઓનો ભંગ કર્યો છે. તેમજઆર.ટી.આઈ. એકટ મુજબ આ અપીલનો આઈ.ડી. નંબર નોંધણી તારીખ સાથે પ્રથમ અપીલ સ્વીકૃતી પત્ર અપાવશો. દિન–૩૦ માં માહિતી આપેલ ન હોય, નિરીક્ષણ આપેલ ન હોય, માંગ્યા મુજબ માહિતી પુરી પાડેલ ન હોય, સમય મર્યાદામાં માહિતી આપવામાં આવેલ ન હોવાથી વિનામૂલ્યે માહિતી અમારા સરનામે આપવા હુકમ કરવો. આર.ટી.આઈ. એકટની કલમ–૫/૫ મુજબ જાહેર માહિતીઅધિકારીની અંગત જવાબદારી ગણી માહિતીનાં નાણાં માહિતીઅધિકારીનાં પગારમાંથી કાપવા આદેશ ફરમાવવામાં આવે. જાહેર માહિતીઅધિકારીવિરૂધ્ધમાહિતી ન આપવા બદલ તેમજ જાણી જોઈ માહિતી છુપાવવા બદલ જાહેર માહિતીઅધિકારીની બેદરકારી ગણી તે બદલ તેઓની સેવાપોથીમાં નોંધ પાડવામાં આવે અને લેખિત ખુલાસો મેળવી ખુલાસાની નકલ આપવામાં આવે તેમજ આર.સી.પી.એસ. કાયદા મુજબ તેઓ વિરૂધ્ધ ફરજમાં બેદરકારી બદલ દંડ વસુલ કરવા કાર્યવાહી કરવા આદેશ ફરમાવવામાં આવે. સદરહું અપીલની એકંદર હકીકત ધ્યાને લઈ આપ સાહેબને યોગ્ય અને મુનાસીબ લાગે તેવી માન્ય દાદ આપશો,તેમ જણાવેલ હતું.

**(૪)**અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસરઅત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૦૫, તા.૦૫/૧૨/૨૦૨૪ મુજબ તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૧૧:૪૫ કલાકે અપીલ અધિકારી અને આરોગ્યઅધિકારીશ્રીની કચેરી, રૂમ નં.૮૭, બીજો માળ, મહાનગરપાલિકા, મુખ્ય કચેરી મુગલીસરા, સુરત ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રીઅને જાહેર માહિતી અધિકારીશ્રી, ફેમીલી પ્લાનીગ વિભાગસદર દિને રૂબરૂ સુનાવણી અર્થેઅપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. જે મુજબ અરજદારશ્રી દ્વારા "તમામમાહિતી અમોને દિન–૩૦ માં આપેલ નથી તેમજ અમારી લેખીત દલીલો રજુ કરેલ છે અને અપીલ પત્રમાં ઈ–મેઈલ, અધિકારીના નામ, ફોન નંબર અવશ્ય લખવી જેથી મેઈલ દ્વારા અમારી રજુઆત કરી શકીએ તમામ જાહેર માહિતીઅધિકારી અપીલ સમયે હાજર રહેતા નથી કે અપીલ અધિકારી પણ અપીલ સમયે હાજર રહેતા નથી જેથી અગત્યના કામે અરજદારના અટવાઈ નહી તે માટે ૨૪ કલાક પહેલા લેખિત જાણ અસલ સમય બદલવા માટે કરવી, તમામ માહિતીદિન–૩માં અપાવવા હુકમ કરવા વિનંતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથાજાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોતરફથી થયેલ રૂબરૂ ચર્ચા/રજુઆત વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીનીતા.૦૮/૧૦/૨૦૨૪(આઈ.ડી.નં.૫૪૨) આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતેઆર.ટી.આઈ. એકટની કલમ–૬(૩) તથા નિયમ–૪(૨) મુજબ કોઈ જાહેર સત્તામંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી બીજા સત્તામંડળ પાસે હોય અથવા તેની વિષય વસ્તુ બીજા સત્તામંડળના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળતાયેલ હોય ત્યારે એવી અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ તે બીજા સત્તામંડળને તબદીલ કરવાની જોગવાઈ છે, જેનું પ્રસ્તુત કિસ્સામાં પાલન થયેલ હોવાનું જણાતુ નથી.આથી અરજદારશ્રીની અરજીના સદર મુદ્દાઓ પૈકી શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોને લાગત ન હોય તે મુદ્દાઓની માંગેલમાહિતીબાબતે સંબંધિત સત્તામંડળને દિન–૦૩ માં અત્રેની કચેરીની

જાણ હેઠળ તબદીલ કરવા જાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી(વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોને હુકમ કરવામાંઆવે છે. તેમજઅન્ય લાગત મુદ્દાઓની માંગેલ માહિતી બાબતેજાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી(વર્ગ–૧)એ તેઓના તાબા હેઠળની રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતીઅત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારશ્રીને કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. વધુમાંભવિષ્યમાં આર.ટી.આઈ. એકટ હેઠળ મળતી અરજી સંબંધે તબદીલી સહિત કરવા જોગ કામગીરી સમયમર્યાદામાં કરવા આથી જાહેર માહિતીઅધિકારી અનેતબીબી અધિકારી(વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોને તાકીદ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં અરજદારશ્રીદ્વારા સંબંધિત જાહેર માહિતીઅધિકારીવિરૂઘ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા તથા માંગેલ અન્ય દાદ બાબતે જણાવવાનું કે, શિક્ષાત્મક કાર્યવાહીની સત્તા આર.ટી.આઈ. એકટ કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમજઆર.સી.પી.એસ. કાયદા મુજબ માંગેલ દાદ બાબતે જણાવવાનું કે જે અંગે અલગથી સક્ષમસત્તામંડળનેફરિયાદ કરવા આપશ્રી સ્વતંત્ર છો, જે જાણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/આઉટ/
તા. /૧૨/૨૦૨૪

આરોગ્યઅધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# એપ્રિલ–૨૦૨૪ થી જૂન–૨૦૨૪

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૧<br>તા.૨૦/૦૪/૨૦૨૪ | મુદ્દા નં.(૧) સુરત શહેરમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રીની યોજના–મુખ્યમંત્રી અમૃતમમા અંતર્ગત થતી તમામ કામગીરી ઓફિસરના સરનામા ઓફિસ પર ફરજ બજાવતા તમામ અધિકારીઓના નામ, હોદ્દા, ઓફિસ કામ કાજ રીશેષનો સમય આયુષ્માન ભારત પ્રધાનમંત્રીની યોજના–મુખ્યમંત્રી અમૃતમમા અંતર્ગત માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ જાહેરનામા પરિપત્રો, હુકમો આયુષ્યમાન કાર્ડના લાભ આપતી શહેરની તમામ સરકારી અર્ધ–સરકારી કે પ્રાઈવેટ હોસ્પિટલો સારવારો નવા કાર્ડ બનાવવા રીન્યુઅલ કરવાને લગતી માહિતી સ્થળ સરનામુ અને તમામના હોદ્દેદારોના મોબાઈલ નંબર અને મળવાના સ્થળની માહિતીવિગેરે કુલ–૧૧ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૦૩<br>તા.૦૪/૦૭/૨૦૨૪ |

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.PHD/FAP/01/2024, Dt.20/04/2024**
**આરોગ્યવિભાગ**

**અરજદાર** : શ્રી સંજય વી. સવાણી

**સામાવાળા** : જાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો, (ફેમીલીપ્લાનીગ વિભાગ)સુરત મહાનગરપાલિકા

**(૧)**અરજદારશ્રી સંજય વી. સવાણી દ્વારા તા.૨૦/૦૪/૨૦૨૪ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારી અને આરોગ્ય અધિકારી, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી કોઈ જવાબ મળ્યો ન હોવાથી અને સમય માર્યાદામાં તબદીલ ન કરેલ હોય તે કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના નં.પીએચડી/એફએપી/૦૧, તા.૨૦/૦૪/૨૦૨૪ થી નોંધાયેલ છે.

**(૨)**અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૬/૦૩/૨૦૨૪(આઈ.ડી.નં.૬૩૪)થીમ્યુ.કમિશ્નરશ્રી,સુરત મહાનગરપાલિકા, જન આરોગ્ય(આયુષ્માન ભારત) મુગલીસરા, સુરત, મુખ્ય કચેરી, સુરત–૧ ને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતીઅધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, (મધ્યસ્થ કચેરી)ના પત્ર નં.સી./આર.ટી.આઈ./૬૩૪, તા.૧૮/૦૩/૨૦૨૪ થીનાયબ આરોગ્ય અધિકારીશ્રી,આરોગ્યવિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજી તેઓના વિભાગને લાગત ન જણાતા જાહેર માહિતીઅધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા ધ્વારા તબીબી અધિકારી(વર્ગ–૧) અને જાહેર માહિતી અધિકારી, ફેમીલી પ્લાનીગ વિભાગ,સુરત મહાનગરપાલિકા પ્રતિ અરજદારશ્રીની જાણ હેઠળ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

**(૩)**અરજદારશ્રીધ્વારાસદર નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેરમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રીની યોજના–મુખ્યમંત્રી અમૃતમમા અંતર્ગત થતી તમામ કામગીરી ઓફિસરના સરનામા ઓફિસ પર ફરજ બજાવતા તમામ અધિકારીઓના નામ, હોદ્દા, ઓફિસ કામ કાજ રીશેષનો સમય આયુષ્માન ભારત પ્રધાનમંત્રીની યોજના–મુખ્યમંત્રી અમૃતમમા અંતર્ગત માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ જાહેરનામા પરિપત્રો, હુકમો આયુષ્યમાન કાર્ડના લાભ આપતી શહેરની તમામ સરકારી અર્ધ–સરકારી કે પ્રાઈવેટ હોસ્પિટલો સારવારો નવા કાર્ડ બનાવવા રીન્યુઅલ કરવાને લગતી માહિતી સ્થળ સરનામુ અને તમામના હોદ્દેદારોના મોબાઈલ નંબર અને મળવાના સ્થળની માહિતીવિગેરે કુલ–૧૧ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયેજાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો, (ફેમીલી પ્લાનીગ વિભાગ) દ્વારા પત્ર નં.પીએચડી/આઉટ/નં.૨૩૫, તા.૦૮/૦૫/૨૦૨૪ થીમુદ્દા નં.૧ પરત્વે "સુરત મહાનગરપાલિકા હસ્તક આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્યયોજના–મા ની મુખ્ય કચેરી લખપતિ હેલ્થ સેન્ટર ત્રીજા માળે, નાણાવટ, સુરત ખાતે કાર્યરત છે. જેમાં જીલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર શ્રી ઈરફાન મિર્ઝા તથા ૪ મદદનીશ આરોગ્ય નિરીક્ષક શ્રી યજ્ઞેશ રાવલ, શ્રી ભરત સોલંકી, શ્રીદિનેશ ગોહિલ તથા શ્રી ઈશ્વર રબારી ફરજ બજાવે છે. જેમની કચેરીનો સંપર્ક નંબર : ૬૩૫૭૬૩૬૩૯૧ છે. કચેરીનો રિશેષનો સમય બપોરે ૧:૦૦ થી ૧:૩૦ નો હોય છે. સુરત શહેર માટે સરકારશ્રી દ્વારા કોઈપણ જાહેરનામાં કે પરિપત્ર કે હુકમ અલગથી કરવામાં

આવેલ નથી. સરકારી અર્ધ સરકારી કે પ્રાઈવેટ હોસ્પિટલો સારવારો નવા કાર્ડ બનાવવા રીન્યુઅલ કરવાની લગતી માહિતી સ્થળ સરનામું અને તમામ હોદ્દેદારોના મોબાઈલ નંબર અને મળવાનાં સ્થળની માહિતી સુરત મહાનગરપાલિકા દ્વારા છાપવામાં આવેલ માહિતી પુસ્તિકામાં સમગ્ર માહિતી ઉપલબ્ધ છે" તેમજ મુદ્દા નં.૨ પરત્વે "સદર માંગવામાં આવેલ માહિતીવ્યકિતના અંગત જીવનને લગતી માહિતી હોવાથી માહિતીઅધિકારઅધિનિયમ ૨૦૦૫ ની કલમ ૮(૧)(ઠ) મુજબ આપી શકાય નહિ"જ્યારે મુદ્દા નં.૩ પરત્વે "સદરમાહિતી ઉપલબ્ધ નથી" તેમજ મુદ્દા નં.૪, ૫ અને ૬અન્વયે "સદર માંગવામાં આવેલ માહિતીવ્યકિતના અંગત જીવનને લગતી માહિતી હોવાથી માહિતીઅધિકારઅધિનિયમ ૨૦૦૫ ની કલમ ૮(૧)(ઠ) મુજબ આપી શકાય નહિ"જ્યારે મુદ્દા નં.૭ પરત્વે "સદરમાહિતી ઉપલબ્ધ નથી" તથા મુદ્દા નં.૮ પરત્વે "સુરત શહેરમાં આયુષ્માન પ્રધાનમંત્રી યોજના–મુખ્યમંત્રી અમૃત્તમમાં અંતર્ગત કામગીરી શહેરના હેલ્થ સેન્ટર પર આપવામાં આવે તે તમામ હેલ્થ સેન્ટર વોર્ડના નામ સરનામા ફોન નંબર સમય અને જવાબદાર તમામ મુખ્યઅધિકારીનાઅન્યઅધિકારીના હોદ્દા નામ ફોન નંબરની માહિતી સુરત મહાનગરપાલિકા દ્વારા છાપવામાં આવેલ માહિતી પુસ્તિકામાં સમગ્ર માહિતી ઉપલબ્ધ છે" તથા મુદ્દા નં.૯ પરત્વે "સદર માંગવામાં આવેલ માહિતી ભારત સરકારશ્રીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જેની લીંક આ મુજબ છે NHA I SetuDashbaord(pmjay.gov.in) તેમજ મુદ્દા નં.૧૦ પરત્વે "સરદમાહિતી પરિપત્ર સ્વરૂપમાં ઉપલબ્ધ હોઈ નિયત પેજ દીઠ ફી ભરી મેળવી શકાશે. વધુ માહિતી ગુજરાત સરકારશ્રીન વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જેની લીંક આ મુજબ છે.Policy and Guidelines I GR of MukhyamantriAmrutumYojana(magujarat.com)અને મુદ્દા નં.૧૧ પરત્વે "સુરત શહેરમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી યોજના–મુખ્યમંત્રી અમૃત્તમ મા અંતર્ગત કાર્ડ માટે ફાળવેલ તમામ કેન્દ્ર સ્થળ સરનામાં હોદ્દો અને ફોન નંબર ઈશ્યુ કરવાના સમયની માહિતી સુરત મહાનગરપાલિકા દ્વારા છાપવામાં આવેલ માહિતી પુસ્તિકામાં સમગ્ર માહિતી ઉપલબ્ધ છે" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૩)**અરજદારશ્રીનીઉકત નમુના 'ક' આર.ટી.આઈ.ની અરજી અન્વયેતા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરી નમુના 'ક' ની અરજી નાયબ આરોગ્યઅધિકારીને ટ્રાન્સફર કરેલ તેનો મને કોઈ જવાબ મળ્યો ન હોવાથી અને સમય મર્યાદામાં તબદીલ ન કરીને અમો અરજદારને માહિતી ન આપી કાયદાકીય રીતે છટકવાનો પ્રયાસ કરેલ છે અને અમોને દિન–૩૦ મા કાયદા મુજબ નિયમ–૨ મુજબ નિરીક્ષણ ઓલ નથી જેથી કલમ ૫(૫) મુજબ જાહેર માહિતીઅધિકારીની અંગત જવાબદારી બનતી હોય અને અમારી માહિતીવિશાળ સમુદાયને લાગુ પડતી હોય અને જાહેર હિતનીમાહિતી હોય જાહેર માહિતીઅધિકારીની ગંભીર બેદરકારી ધ્યાને લઈ ગુજરાતસિવિલ એન્ડ સર્વિસ દંડક રૂલ્સ ૧૯૭૧ મુજબ સર્વિસ બુકમા નોંધ કરવા અને વિના મૂલ્યે માહિતી આપવા આદેશ ફરમાવવા અમારી સહ રજુઆત છે હું જાહેર માહિતીઅધિકારીનાં માહિતીનોઅધિકારઅધિનિયમ ૨૦૦૫ની કલમ–૧૯(૧) હેઠળ હું આથી આ પ્રથમ અપીલ દાખલ કરુ છુંતેમ જણાવેલ હતું.

**(૪)**અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસરઅત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૦૨, તા.૨૧/૦૫/૨૦૨૪ મુજબ તા.૦૩/૦૬/૨૦૨૪ ના રોજ બપોરે ૧૧:૪૫ કલાકે અપીલ અધિકારી અને આરોગ્યઅધિકારીશ્રીની કચેરી, રૂમ નં.૮૭, બીજો માળ, મહાનગરપાલિકા, મુખ્ય કચેરી મુગલીસરા, સુરત ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ પરંતુ જાહેર માહિતીઅધિકારી અને અપીલ અધિકારીઅનિવાર્ય સંજોગોને કારણે રજા ઉપર હોય, રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી.વધુમાં અરજદારશ્રી દ્વારા સદર દિને રોજકામ દરમ્યાન મુખ્યત્વે રજુઆત કરેલ કે, "અપીલ અધિકારીશ્રી અને માહિતીઅધિકારીશ્રી બંને હાજર નથી અને અમો અરજદારનો સમય અને નાણાંનો વ્યય કરેલ છે. અમો અરજદાર હાલમાં કુલ–૮ પાનાની અપીલ દલીલો લેખિતમાં રજુ કરીએ છીએ જે ધ્યાને લઈ જાહેર માહિતીઅધિકારી અને અપીલ

અધિકારી હાજર ન હોય જેથી એકતરફી કાર્યવાહી કરી અમારી તમામ દલીલો ધ્યાને લઈ માહિતીવિનામૂલ્યે પુરી પાડવા આદેશ ફરમાવવામાં આવે અને નિરીક્ષણ બાદપણ જોઈતી માહિતી પુરી પાડવામાં આવે" એમ રજુઆત કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રીધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અનેજાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોતરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરવિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીનીતા.૧૬/૦૩/૨૦૨૪(આઈ.ડી.નં.૬૩૪) આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતીઅધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા તેઆના વિભાગને લાગત મુદ્દા નં. ૧ થી ૧૧માહિતી તા.૦૮/૦૫/૨૦૨૪ ના રોજ પુરી પાડેલ હોવાનું જણાય છે.તેમ છતાં અરજદારશ્રીને માંગેલ માહિતી પરત્વે અસંતોષ હોય તો, સદર આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના જીલ્લા પ્રોજેકટ કો–ઓર્ડીનેટરનો સંપર્ક કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. આમ, અરજદારશ્રીની પ્રથમઅપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/આઉટ/
તા. /૦૬/૨૦૨૪

આરોગ્યઅધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

## જાન્યુઆરી–૨૦૨૪ થી માર્ચ–૨૦૨૪

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૨૩<br>તા.૧૬/૦૯/૨૦૨૩ | અરજદારશ્રી કમલેશ જે. માલીની નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧) ફુડ સેફટી સ્ટાર્ન્ડ એકટ મુજબ સુ.મ.પા.માં આવેલ પબ્લીક હેલ્થ લેબોરેટરીની ફુડસ સેફટી સ્ટાન્ડરની માન્યતા છે કે કેમ? જો માન્યતા મળી હોય તો કયારથી મળેલ છે? (૨) આ લેબ એન.એ.બી.એલ પ્રમાણે કયારે માન્યતા પ્રાપ્ત થઈ છે? તેના ગેઝેટ નોટીફીકેશન આપવા. આ લેબ એન.એ.બી.એલ. પ્રમાણે કઈ કઈ કોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે અને કઈ કઈ કોમોડીટ પ્રમાણે માન્યતા થઈ નથી તે અંગેના ગેઝેટ નોટીફીકેશન આપવા. વિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૮૧<br>તા.૧૨/૦૨/૨૦૨૪ |
| ૨૪<br>તા.૨૦/૧૦/૨૦૨૩ | અરજદારશ્રીકમલેશ જે. માલીની નમુના–ક ની અરજીથી મુદ્દા નં.(૧) ફુડ સેફટી સ્ટાર્ન્ડ એકટ મુજબ સુરત મહાનગરપાલિકામાં આવેલ પબ્લીક હેલ્થ લેબોરેટરીની ફુડસ સેફટી સ્ટાન્ડરની માન્યતા છે કે કેમ? જો માન્યતા મળી હોય તો કયારથી મળેલ છે? (૨) આ લેબ એન.એ.બી.એલ પ્રમાણે કયારે માન્યતા પ્રાપ્ત થઈ છે? તેના ગેઝેટ નોટીફીકેશન આપવા. આ લેબ એન.એ.બી.એલ. પ્રમાણે કઈ કઈ કોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે અને કઈ કઈ કોમોડીટ પ્રમાણે માન્યતા થઈ નથી તે અંગેના વર્ષ–૨૦૧૧ થી ૨૦૨૩ સુધી ગેઝેટ નોટીફીકેશન આપવાવિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૮૦<br>તા.૧૨/૦૨/૨૦૨૪ |
| ૨૫<br>તા.૩૦/૧૦/૨૦૨૩ | અરજદારશ્રી રાજેશભાઈ એમ. સોલંકીની નમુના–ક થી વિવિધ કુલ–૨૭ મુદ્દાઓની માહિતીમાંગેલ હોવાનું જણાય છે. | પીએચડી/અપીલ/આઉટ/૭૯<br>તા.૧૨/૦૨/૨૦૨૪ |
| ૨૬<br>તા.૩૦/૧૦/૨૦૨૩ | અરજદારશ્રીરાજેશભાઈ એમ. સોલંકીની નમુના–ક અરજીથી વિવિધ કુલ–૨૭ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે. | પીએચડી/અપીલ/આઉટ/૭૮<br>તા.૧૨/૦૨/૨૦૨૪ |
| ૨૭<br>તા.૦૬/૧૧/૨૦૨૩ | અરજદારશ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ ની નમુના–ક ની મુળ અરજીથી કુલ–૦૭ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે. | પીએચડી/અપીલ/આઉટ/૭૭<br>તા.૨૯/૦૧/૨૦૨૪ |
| ૨૮<br>તા.૧૨/૧૨/૨૦૨૩ | અરજદારશ્રીતલ્હા ચાંદીવાલાની નમુના–ક ની અરજીથી "સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી દ્વારા ધી બી.પી.એમ.સી. એકટની લાગુ કલમ/પેટા કલમથી કમિશનરને આપેલ તમામ સત્તા(પાવર્સ) પૈકીની સત્તા(પાવર્સ) તેમના તાબા હેઠળના અધિકારીઓને/કર્મચારીઓને સુ.મ.પા.નાં વહીવટી હેતુસર આજ–દિન સુધીના તમામ સુપ્રત કરેલ/સોંપેલ આપવામાં આવેલ DP POWER'S ની માહિતીની પ્રમાણિત નકલ આપવી" તે બાબતની માહિતી માંગેલ હોવાનું જણાય છે. | પીએચડી/અપીલ/આઉટ/૭૬<br>તા.૨૩/૦૧/૨૦૨૪ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/15/2023, Dt.16/09/2023
આરોગ્યવિભાગ

**અરજદાર** : શ્રી કમલેશ જે. માલી
**સામાવાળા** : જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા

**(૧)**અરજદારશ્રી દ્વારા તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજની અપીલ સત્તાધારી, ડે.કમિશ્નરશ્રી, હેલ્થ એન્ડ હોસ્પિટલ, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ, જે અત્રે તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ જાહેર માહિતીઅધિકારી તરફથી "જાહેર માહિતીઅધિકારીની અરજી રજુ કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી અને જાહેર માહિતીઅધિકારીના નિર્ણય થી નારાજ" હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**(૨)**અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૦/૦૮/૨૦૨૩(આઈ.ડી.નં.૧)થી નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, પબ્લીક હેલ્થ લેબોરેટરી, બીજો માળ, વેસુ અર્બન કોમ્યુનીટી સેન્ટર, વી.આઈ.પી.રોડ, વેસુ, સુરત–૩૯૫૦૦૭ સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ, જે અરજી ઈનવર્ડ નં.પીએચડી/પીએચએલ/૧૦૫, તા.૧૦/૦૮/૨૩ થી નોંધાયેલ છે. સદર નમુના–'ક' ની અરજીથીઅરજદારશ્રીધ્વારા મુદ્દા નં.(૧) ફુડ સેફટી સ્ટાર્ન્ડ એકટ મુજબ સુ.મ.પા.માં આવેલ પબ્લીક હેલ્થ લેબોરેટરીની ફુડસ સેફટી સ્ટાન્ડરની માન્યતા છે કે કેમ? જો માન્યતા મળી હોય તો કયારથી મળેલ છે? (૨) આ લેબ એન.એ.બી.એલ પ્રમાણે કયારે માન્યતા પ્રાપ્ત થઈ છે? તેના ગેઝેટ નોટીફીકેશન આપવા. આ લેબ એન.એ.બી.એલ. પ્રમાણે કઈ કઈ કોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે અને કઈ કઈ કોમોડીટ પ્રમાણે માન્યતા થઈ નથી તે અંગેના ગેઝેટ નોટીફીકેશન આપવા. (૩) ફુડ એનાલીસ્ટની લાયકાત શું? (૪) સુ.મ.પા. ના ફુડ સેફટી એકટ પ્રમાણે એનાલીસીશની નિમણુંક કોણે કરી? (૫) જો રાજ્ય સરકારે ફુડ સેફટી એકટ પ્રમાણે એનાલીસીશની નિમણૂંક કરી હોય તો તેની ભરતીની જાહેરાત અને પરીક્ષાની વિગત આપવી. (૬) રાજ્ય સરકારે ફુડ સેફટી એકટ અન્વયે સુ.મ.પા.ના ફુડ એનાલીસની નિમણુંક આપવાની સત્તા આપવામાં આવેલી હોય તો તેના નોટીફીકેશન, ગેઝેટ કે હુકમ આપવા જાહેર માહિતી અધિકારી હેઠળ આપવા જણાવીકુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ હતી.જે પરત્વે જાહેર માહિતીઅધિકારી અને વહીવટી અધિકારીશ્રી(૧)મધ્યસ્થ મહેકમ વિભાગ(૨)મધ્યસ્થ મહેકમ વિભાગ(રીક્રુટમેન્ટ)ને અન્ય મુદ્દાઓની આંશિકમાહિતી માટે જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરીના પત્ર નં.પીએચડી/પીએચએલ/આર.ટી.આઈ./આ.નં.૦૧, તા.૦૧/૦૯/૨૩થીઆંશિક તબદીલ કરેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીનીઉકત અરજી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી દ્વારા પત્ર નં.પીએચડી/પીએચએલ/આર.ટી.આઈ./આ.નં.૦૭, તા.૦૫/૦૯/૨૦૨૩ થી મુદ્દા

નં. (૧) પરત્વે "સુરત મહાનગરપાલિકામાં આવેલ પબ્લીક હેલ્થ લેબોરેટરીને FSSAI દ્વારા માન્યતા છે. સુરત મહાનગરપાલિકાની ખોરાક પ્રયોગશાળાની સ્થાપના ઈ.સ.૧૯૬૦ થી ખોરાક ભેળસેળ પ્રતિબંધક કાયદા ૧૯૫૪(Prevention of Food Adulteration Act-1954)હેઠળ કરવામાં આવી હતી. ઓગષ્ટ–૨૦૧૧ થી Food Safety & Standards Act-2006નો અમલ કરવામાં આવેલ છે, મુદ્દા નં.(૨) પરત્વે "પબ્લીક હેલ્થ લેબોરેટરી NABLમાન્યતા છે.(1)Oil And Fats, (2)Beverages, (3) Fruit And Vegetable Products, (4) Cereals And Cereals Products, (5) Spices Products (6) Dairy Productsકોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે. ઉપરોકત કોમોડીટી સિવાયNABL ની માન્યતા નથી. NABLCERTIFICATE આ સાથે સામેલ છે. જ્યારે મુદ્દા નં.(૩),(૪) અને (૫) પરત્વે "લાગુ પડતું નથી" અને મુદ્દા નં.(૬)અન્વયે "નોટીફીકેશન આ સાથે સામેલ છે" મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૩)**ઉપરોકત જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી દ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર પરત્વે અરજદારશ્રી દ્વારા તા.૧૬/૦૯/૨૦૨૩ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ, જેમાં જણાવ્યા મુજબ "મુદ્દા નં.૨ ના એન.બી.એલ. પ્રમાણે કઈકઈ કોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે અને કઈ કઈ કોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ નથી તે અંગેનો નોટીફીકેશન/ગેઝેટ માંગેલ હતું તે જાહેર માહિતીઅધિકારીએ અને ફુડ એનાલીસે ન આપી માહિતી છુપાવવાનો પ્રયત્ન કરેલ છે. મુદ્દા નં.૩ ફુડ એનાલીસ પોતાની લાયકાત ખબર ન હોય તેમ સદર મુદ્દો લાગુ પડતો ન હોય તેમ જવાબ આપેલ છે અને તેમણે તેમની માહિતી છુપાવવાનો પ્રયત્ન કરેલ છે. મુદ્દા નં.૩, ૪, ૫ જેમના કાર્યક્ષેત્રમાં આવતુ ન હોય તો કાયદા મુજબ દિન–૧૦ માં લાગુ પડતા જે તે વિભાગને મોકલવાની હોય છે પરંતુ તેમણે છુપાવવા અને હમોને તે માહિતી ન મળે તે માટે તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ અરજી ટ્રાન્સફર કરેલ છે અને માહિતી છુપાવાનો પ્રયત્ન કરેલ છે. મુદ્દા નં.૫ માં માંગેલ માહિતી આપવાને બદલે રાજ્ય સરકારે તેમનું નોટીફીકેશન બહાર પડેલ હતુ તે માહિતી આપેલ છે અને લાગતા સવાલના જવાબ બદલે ખોટો જવાબ આપેલ છે." મુદ્દા નં.૫ માં "જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ) દ્વારા જે જવાબ આપવામાં આવેલ છે તે ખોટો છે અને સવાલ પ્રમાણે જવાબ આપેલ છે. તે રેકર્ડ ઉપલબ્ધ નથી. તેમ જણાવી માહિતી છુપાવેલ છે" તે મુજબની રજુઆત કરેલ હતી.વધુમાં સદર અપીલ અરજીઅન્વયેનારાજગીના મુદ્દાઓમધ્યસ્થ મહેકમ(રીક્રુટમેન્ટ) વિભાગને પણ લાગત જણાતા હોય, અત્રેના વિભાગધ્વારા પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ–૪૩, તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ(રીક્રુટમેન્ટ) વિભાગને આંશિક તબદીલ કરેલ છે.

**(૪)**અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૪૮, તા.૧૯/૧૦/૨૦૨૩ મુજબ તા.૨૭/૧૦/૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. એન્ડ હો.), આરોગ્યની કચેરી, બીજો માળ, સુરત મહાનગરપાલિકા ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, પરંતુ ઉકતદિને અરજદારશ્રી દ્વારા હાજર રહી શકે એમ ન હોવાનું ટેલિફોનીક જાણ કરેલ હોય, જેથી ફરી વખત તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અરજદારશ્રી હાજર ન હોવાને કારણે રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી. આથી તા.૦૮/૧૨/૨૦૨૩ના રોજ ફરી વખત રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અપીલ અધિકારીશ્રીઅગત્યની મીટીંગમાં

રોકયેલ હોય, રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી, ફરી વખત તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ ન હોય, રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી. જેથી અરજદારશ્રી દ્વારા રૂબરૂ સુનાવણી રાખવા એક તક આપવા અત્રેની કચેરીએ કરેલ વિનંતીને ધ્યાને લઈ તા.૧૮/૦૧/૨૦૨૪ના રોજ ફરી રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ તે મુજબ અરજદારશ્રી તેમજ જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. રૂબરૂ સુનાવણી દરમ્યાનઅરજદારશ્રી''માંગ્યા મુજબની માહિતી લેખિતમાં આપેલ નથી. સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી'' લેખિત રજુઆત કરેલ હતી તેમજ જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ,પબ્લીક હેલ્થ લેબોરેટરી તરફથી આર.ટી.આઈ.ની અરજી સબબ અત્રેના વિભાગનેલાગત મુદ્દાઓની માહિતી પુરી પાડેલ છે તેમ જણાવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રી તરફથી કરેલ લેખિત રજુઆત અને જાહેર માહિતીઅધિકારીશ્રીની રજુઆત વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીનીતા.૧૦/૦૮/૨૦૨૩(આઈ.ડી.નં.૧)ની આર.ટી.આઈ.ની નમુના—'ક'ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ ઉકત પેરા—૩નીવિગતે મુદ્દા નં.૨ અન્વયે NABL પ્રમાણે માન્યતા છે અને કુલ—૦૬ કોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે. સદર કોમોડીટી સિવાયNABL ની માન્યતા નથીતથા NABLસર્ટિફીકેટની નકલ પુરી પાડવામાં આવેલ છે, જે આપેલ પ્રત્યુત્તર વ્યાજબી હોવાનું જણાય છે. જ્યારે મુદ્દા નં.૩, ૪ અને ૫ ની માહિતી જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લિક હેલ્થ લેબોરેટરીના કાર્યક્ષેત્ર બહારનું હોય અન્ય લાગતવિભાગને તબદીલ કરેલ હોવાનું જણાય છે. વધુમાં માંગેલ માહિતી બાબતે અરજદારશ્રીને પ્રથમ અપીલ અરજીની રૂબરૂ સુનાવણી સમયે ઉપસ્થિત કરેલ મુદ્દાઓ સબબ રૂબરૂમાં વિગતવાર સમજ પણ આપવામાં આવેલ હોય. આમ, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય, સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/
તા. /૦૨/૨૦૨૪

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/20/2023, Dt.20/10/2023
આરોગ્યવિભાગ

**અરજદાર** : શ્રી કમલેશ જે. માલી
**સામાવાળા** : જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા.

(૧)અરજદારશ્રી દ્વારા તા.૨૦/૧૦/૨૦૨૩ના રોજની અપીલ સત્તાધારી, ડે.કમિશ્નરશ્રી, હેલ્થ એન્ડ હોસ્પિટલ, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ, જે અત્રે તા.૨૦/૧૦/૨૦૨૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ જાહેર માહિતીઅધિકારી તરફથી "જાહેર માહિતીઅધિકારીની અરજી રજુ કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી અને જાહેર માહિતીઅધિકારીના નિર્ણયથી નારાજ" હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

(૨)અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૯/૦૮/૨૦૨૩(આઈ.ડી.નં.૨)થી નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, પબ્લીક હેલ્થ લેબોરેટરી, બીજો માળ, વેસુ અર્બન કોમ્યુનીટી સેન્ટર, વી.આઈ.પી.રોડ, વેસુ, સુરત–૩૯૫૦૦૭ સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ,જે અરજી ઈનવર્ડ નં.પીએચડી/પીએચએલ/૧૨૪, તા.૨૯/૦૮/૨૩ થી નોંધાયેલ છે.સદર નમુના–'ક' ની અરજીથીઅરજદારશ્રી દ્વારા મુદ્દા નં.(૧) ફુડ સેફટી સ્ટાર્ન્ડ એકટ મુજબ સુરત મહાનગરપાલિકામાં આવેલ પબ્લીક હેલ્થ લેબોરેટરીની ફુડસ સેફટી સ્ટાન્ડરની માન્યતા છે કે કેમ? જો માન્યતા મળી હોય તો કયારથી મળેલ છે? (૨) આ લેબ એન.એ.બી.એલ પ્રમાણે કયારે માન્યતા પ્રાપ્ત થઈ છે? તેના ગેઝેટ નોટીફીકેશન આપવા. આ લેબ એન.એ.બી.એલ. પ્રમાણે કઈ કઈ કોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે અને કઈ કઈ કોમોડીટ પ્રમાણે માન્યતા થઈ નથી તે અંગેના વર્ષ–૨૦૧૧ થી ૨૦૨૩ સુધી ગેઝેટ નોટીફીકેશન આપવા. (૩)છેલ્લા પાંચ વર્ષમાં તપાસવામાં આવેલા નમુનાઓ આપની લેબોરેટરીની મંજુર થયેલ હોય એન.એ.બી.એલ. કોમોડીટીમાં આપતા હતા કે કેમ તે અંગેની માહિતી આપવી.(૪)જો એસ.એમ.સી.ની લેબોરેટરી એન.એ.બી.એલ. ન થયેલ હોય તો પણ નમુનો તપાસી પરીણામ આપી શકે કે કેમ તેની કાયદાકીય કઈ જોગવાઈ છે તેની નકલ આપશો. (૫) જે નમુનો આપની લેબોરેટરીમાં તપાસવામાં આવેલ હોય તે એન.એ.બી.એલ.માં મંજુર થયેલ કોમોડીટીમાં આવતા ન હોય તો તેનું પરીણામ માન્ય રાખી શકાય કે કેમ તે અંગેનો એફ.એસ.એસ. તરફથી કોઈ જોગવાઈ હોય તો તેની નકલ આપશો.આમ કુલ–૦૫ મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ હતી.

અરજદારશ્રીનીઉકત અરજી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી દ્વારા પત્ર નં.પીએચડી/પીએચએલ/આર.ટી.આઈ./આ.નં.૧૩, તા.૨૫/૦૯/૨૦૨૩ થી મુદ્દા નં. (૨) પરત્વે "પબ્લીક હેલ્થ લેબોરેટરીને તા.૧૯/૦૫/૨૦૨૧ થી NABL માન્યતા છે. (1)Oil And Fats, (2)Beverages, (3) Fruit And Vegetable Products, (4) Cereals And Cereals Products, (5) Spices Products (6) Dairy Productsકોમોડીટીના સ્કોપ પ્રાપ્ત થયેલ છે. ઉપરોકત કોમોડીટી સિવાયNABLની માન્યતા નથી.NABL SCOPE OF ACCREDITATION આ સાથે સામેલ છે. જ્યારે મુદ્દા નં.(૩) પરત્વે "આ પ્રયોગશાળા ખાતે સુરત મહાનગરપાલિકાના ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રી દ્વારા મોકલવામાં આવતા તમામ પ્રકારના ખોરાકના નમુનાઓનું પૃથ્થકરણ અહેવાલ આપવામાં આવે છે. જેમા NABL ના Scope મા આવતા હોય તેવા તથા Scope મા ન આવતા હોય તેવા તમામ નમુનાનાઓનો પૃથ્થકરણ અહેવાલ અત્રેથી ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રીને મોકલવામાં આવે છે. તેમજ મુદ્દા નં.(૧), (૪) અને (૫) પરત્વે "સુરત મહાનગરપાલિકાની ખોરાક પ્રયોગશાળાની સ્થાપના ઈ.સ.૧૯૬૦ ખોરાક ભેળસેળ પ્રતિબંધક કાયદા ૧૯૫૪ (Prevention of Food

Adulteration-1954) હેઠળ કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ્ય સુરત મહાનગરપાલિકાની હદમાં આવતા તમામ વિસ્તારમાંથી ફુડ ઈન્સ્પેકટર/ ફુડ સેફટી ઓફિસર દ્વારા લેવામાં આવેલ તમામ પ્રકારના ખોરાકના નમુનાઓનું પૃથ્થકરણ કરી પૃથ્થકરણ અહેવાલ આપવાનો હતો. ઓગષ્ટ–૨૦૧૧ થી Food Safety & Standards Act-2006 નો અમલ કરવામાં આવેલ છે. આ કાયદા હેઠળ દેશની તમામ ખોરાક પ્રયોગશાળાઓ NABL ની માન્યતા મેળવે એવો આગ્રહ કરવામાં આવેલ છે. જો કોઈ પ્રયોગશાળા પાસે કોઈ Commodity ના Test Parameterમાન્ય ન રાખી શકાય તેવી કોઈ કાયદાકીય જોગવાઈ હાલમાં ઉપલબ્ધ નથી"તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૩)**ઉપરોકત જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી દ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર પરત્વે અરજદારશ્રી દ્વારા તા.૨૦/૧૦/૨૦૨૩ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ, જેમાં જણાવ્યા મુજબ "મુદ્દા નં.૧ફુડ સેફટી એકટ મુજબ સુરત મહાનગરપાલિકામાં આવેલ પબ્લીક હેલ્થ લેબોરેટરીની ફુડસ સેફટી સ્ટાન્ડરની માન્યતા છે કે કેમ?જો માન્યતા મળી હોય તો કયારથી મળી છે તે અંગેનો યોગ્ય ખુલાસો કે માહિતી આપેલ નથી. મુદ્દા નં.૩ માં માંગવામાં આવેલ છેલ્લા પાંચ વર્ષ સુધી તપાસવામાં આવેલ નમુનાની માહિતી ન આપી ગોળ ગોળ માહિતી આપેલ છે અને માહિતી છુપાવવામાં આવેલ છે. અને નમુના અંગેની કોઈ માહિતી આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૧, ૪, ૫ માં જવાબ છુપાવવા એક સાથે જવાબ આપી મુદ્દા નં.૧,૪,૫ આપી ગેરમાર્ગે દોરવામાં આવેલ છે. તેઓએ આ માહિતી અલગ મુદ્દા પ્રમાણે આપવા ફુડ એનાલીસ જાહેર માહિતીઅધિકારીએ એક મુદ્દાની માહિતી ન આપતા તેની સામે દંડનીય કાર્યવાહી કરવા અપીલ છે તે મુજબની રજુઆત કરેલ હતી.

**(૪)**અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૪૮, તા.૧૯/૧૦/૨૦૨૩ મુજબ તા.૨૭/૧૦/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. એન્ડ હો.), આરોગ્યની કચેરી, બીજો માળ, સુરત મહાનગરપાલિકા ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, પરંતુ ઉકતદિને અરજદારશ્રી દ્વારા હાજર રહી શકે એમ ન હોવાનું ટેલિફોનીક જાણ કરેલ હોય, જેથી ફરી વખત તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અરજદારશ્રી હાજર ન હોવાને કારણે રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી. આથી તા.૦૮/૧૨/૨૦૨૩ ના રોજ ફરી વખત રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અપીલ અધિકારીશ્રીઅગત્યની મીટીગમાં રોકયેલ હોય, રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી, ફરી વખત તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ ન હોય, રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી. જેથી અરજદારશ્રી દ્વારા રૂબરૂ સુનાવણી રાખવા એક તક આપવા અત્રેની કચેરીએ કરેલ વિનંતીને ધ્યાને લઈ તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ ફરી રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ તે મુજબ અરજદારશ્રી તેમજ જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. રૂબરૂ સુનાવણી દરમ્યાનઅરજદારશ્રી"માંગ્યા મુજબની માહિતી લેખિતમાં આપેલ નથી. સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી" લેખિત રજુઆત કરેલ હતી તેમજ જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી તરફથી આર.ટી.આઈ.ની અરજી સબબ અત્રેના વિભાગનીમાહિતી પુરી પાડેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રી તરફથી કરેલ લેખિત રજુઆત અને જાહેર માહિતીઅધિકારીશ્રીની રજુઆત વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૯/૦૮/૨૦૨૩(આઈ.ડી.નં.૨)ની આર.ટી.આઈ.ની નમુના–'ક'ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી

રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ ઉકત પેરા–૩નીવિગતે મુદ્દા નં.૧થી ૫ નીમાંગેલ માહિતી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને ફુડ એનાલીસ્ટ, પબ્લિક હેલ્થ લેબોરેટરી ધ્વારાઅરજદારશ્રીને માહિતી તેમજ માહિતીની નકલો પુરી પાડેલ હોવાનું જણાય છે. તદ્ઉપરાંત માંગેલ માહિતી બાબતે અરજદારશ્રીને પ્રથમ અપીલની રૂબરૂ સુનાવણી સમયે વિગતવાર સમજ પણ આપવામાં આવેલ હતી.વધુમાં પ્રથમ અપીલ અરજીની સુનાવણી દરમ્યાન પબ્લીક હેલ્થ લેબોરેટરીને NABLની માન્યતાસિવાયની કોમોડીટીની તપાસ કરી શકે કે નહી તે મુજબનો પ્રશ્ન અરજદારશ્રી તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ, જે પરત્વે પબ્લીક હેલ્થ લેબોરેટરીને લાગત કાયદાની જોગવાઈઓ આ હુકમ મળ્યાના દિન–૦૫માં અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/
તા.    /૦૨/૨૦૨૪

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/22/2023,Dt.30/10/2023**
**આરોગ્યવિભાગ**

**અરજદાર** : શ્રીરાજેશભાઈ એમ. સોલંકી
**સામાવાળા**:જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસરશ્રી,આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકા

**(૧)**અરજદારશ્રી દ્વારાતા.૨૬/૧૦/૨૦૨૩નારોજપ્રથમ અપીલ અધિકારીશ્રી અને ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ),આરોગ્યવિભાગની કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી તા.૩૦/૧૦/૨૦૨૩ના રોજ અત્રેના વિભાગને પ્રાપ્તથયેલ છે.અરજદારશ્રીએ "તા.૧૩–૦૯–૨૦૨૩ની આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં.૨૫ અને ૨૬ની આંશિક પુર્તતા બાબતે અસંતોષ અને નહી મળેલ માહિતી બાબતે"કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલછે.

**(૨)**અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૫/૦૯/૨૦૨૩(આઈ.ડી.નં.૩૧૮)થીજાહેર માહિતીઅધિકારીશ્રી અને કમિશ્નર સાહેબશ્રી, સુરત મહાનગરપાલિકા,મ્યુનિ.કમિશ્નરશ્રીનું કાર્યાલય, મુગલીસરા,સુરત–૩૯૫૦૦૩૦ને ઉદ્દેશીને કરેલ નમુના–'ક'ની અરજી જાહેર માહિતીઅધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સી./આર.ટી.આઈ./૩૧૮, તા.૧૬/૦૯/૨૩ થી જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મધ્યસ્થમહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ, જે અરજી જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારાઅન્યવિભાગ સહિત અત્રેના આરોગ્યવિભાગને પણ તબદીલ કરેલ, જે નમુના "ક" ની અરજીથી વિવિધકુલ–૨૭ મુદ્દાઓની માહિતીમાંગેલ હોવાનું જણાય છે.

**(૩)**અરજદારશ્રીનીઉકત અરજી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસર,આરોગ્યવિભાગ દ્વારાપત્ર નં.પીએચડી/આરટીઆઈ/આઉટ/૨૨, તા.૧૩/૧૦/૨૦૨૩થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે. જે મુજબ **મુદ્દા નં.૨૫અને ૨૬**પરત્વે " સદર મુદ્દાઓથી અત્રેના વિભાગને લાગત ઉકત મુદ્દાઓમાં ક્રમ નં.(૧)ડો. સંજય કે. દાસની માંગવામાં આવેલ માહિતી બાબતે જણાવવાનું કે,નામ. ગુજરાત માહિતી આયોગના માન.રાજય માહિતીકમિશ્નરશ્રીધ્વારાઅન્ય એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ. શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૧૭ ના રોજ કરેલ હુકમમાં ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગેરે તેમની અંગત માહિતી છે. આ પ્રકારની માહિતી એ જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે, જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. જેથી માહિતીઅધિકારઅધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી તેમજ આ મુજબની માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલું હોવું જોઈએ. અરજદાર આવી માહિતી પોતાના અધિકાર તરીકે માંગી શકે નહી, તે બાબતો ધ્યાને લેતા અરજદાર ધ્વારાઉકત મુદ્દાઓથી માંગવામાં આવેલ સમગ્ર માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતું નથી કે અરજદાર ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ હોવાનું જણાતું ન હોય તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે, જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય તે બાબતો ધ્યાને લેતા, પ્રસ્તુત સમગ્ર મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી આયોગના ઉકત હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે. વધુમાં આર.ટી.આઈ. એકટની કલમ

૮(૧)(ઠ)ની જોગવાઈ પણ ધ્યાને લેવા જોગ છે. કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યક્તિના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. આપશ્રી ધ્વારા મુદ્દા નં. ૧૨ અને ૧૩ માંગવામાં આવેલ માહિતી પુરી પાડવાના ઈન્કાર સંદર્ભે વધુ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, માહિતીઅધિકારઅધિનિયમ સાથેના સંકળાયેલા એક મહત્વપુર્ણ કેસ SCP SLP (CIVIL)27734 of 2012 માં નામ.સુપ્રિમ કોર્ટે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ ચુકાદામાં જણાવેલ છે કે, કોઈપણ સરકારી અધિકારીવિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત"માહિતી ગણાય, જે માહિતી આપી શકાય નહી તેમજ તે માહિતીઅધિકારઅધિનિયમઅન્વયે "As a matter of right" માંગી શકાય નહિ. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતીકમિશ્નરશ્રીધ્વારા પણ તે મુજબનો ચુકાદો/હુકમ કરવામાં આવેલ હોવાનું જણાય છે.આમ, આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદો તથા તેને અનુલક્ષીને નામ.ગુજરાત રાજય માહિતી આયોગના મા.રાજય માહિતીકમિશ્નરશ્રીધ્વારા આપવામાં આવેલ ચુકાદો/હુકમ વિગેરે ધ્યાને લેતા આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ ઉકતમાહિતીઓ પુરી પાડવા જોગ જણાતી નથી. આ સાથે નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના ચુકાદો/હુકમની નકલ અવલોકનાર્થે સામેલ રાખેલ છે"તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૪)**ઉપરોકત આપેલ પ્રત્યુત્તરપરત્વે અરજદારશ્રી દ્વારાતા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેમાં જણાવ્યા મુજબ(૧) અમો આર.ટી.આઈ. અરજદારની તા.૧૩/૦૯/૨૦૨૩ની આર.ટી.આઈ. અરજીમાં મુદ્દા નં.૨૫, ૨૬ ની માહિતી બાબતે તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીએ ગેરવ્યાજબી અને અસંતોષકારક જવાબ આપેલ છે અને માહિતી આપવાથી ઈન્કાર કરેલ છે. જેથી અમો આર.ટી.આઈ. અરજદારને માહિતીઅધિકારઅધિનિયમ ૨૦૦૫ અન્વયે આપેલા માહિતી મેળવવાની જોગવાઈઓનું ઉલ્લંઘન થયેલુ જણાઈ આવે છે. તેથી તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીને કસુરવાર ઠરાવીને તેઓની સામે દંડનીય કાર્યવાહીઓ કરવા વિનંતી.(૨)તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીએ અમો આર.ટી.આઈ. અરજદારે અધિકારીઓ બાબતની માહિતી માંગેલ હોઈ, જે બાબતે તેઓ દ્વારા જણાવવામાં આવેલ છે કે, કોઈપણ સરકારી અધિકારીવિરૂધ્ધની તપાસ અંગેની માહિતી તેઓની અંગત માહિતી કહેવાય. આમ તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીએ જવાબમાં જણાવેલ હુકમનું ખોટુ અર્થઘટન કરીને માહિતી આપવાથી ઈન્કાર કરેલ છે. સદર માહિતી સુરત મહાનગરપાલિકાની સેવાઓ અને ફરજો સાથે જોડાયેલ અધિકારી સેવકો દ્વારા પોતાની સત્તા અને ફરજોનો દુરઉપયોગ કરવાની ફરીયાદના અનુસંધાને લગતી માહિતી હોઈ, જેનાં થકી અમો અરજદાર તેઓ જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહીઓ જેવી કે, એફ.આઈ.આર. અને ચાર્જશીટ કરાવી શકીએ, તેને સુસંગત માહિતીઅધિકાર અધિનિયમ–૨૦૦૫ની જોગવાઈઓનું પાલન કરેલુ જણાઈ આવતુ ન હોવાથી તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીને કસુરવાર ઠરાવીને દંડનીય કાર્યવાહી કરવા વિનંતી. (૩) અમો આર.ટી.આઈ. અરજદારે સદર માંગેલ માહિતી તેઓ અધિકારીશ્રીનીવિરૂધ્ધની હોઈ, અને અધિકારીઓએ પોતાની સત્તા અને ફરજોનો દુરૂપયોગ કરીને અમાનવીય ધોરણ અપનાવીને વર્ગ–૪ના કર્મચારીને શારીરીક અને માનસીક હેરાન પરેશાન કરેલા હોઈ, તેના અનુસંધાનમાં કાયદેરસની કાર્યવાહીઓ કરવા માટેની મૂળભુત માહિતી હોઈ, તે બાબત તેઓ જાહેર માહિતીઅધિકારીએ ધ્યાનમાં લીધેલ નથી. આમ, તેઓ જાહેર માહિતીઅધિકારીએ જવાબમાં જણાવેલ હુકમનું અર્થઘટન ખોટી રીતે કરીને માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે. અમોએ માંગેલ માહિતીને કોઈપણ પ્રકારનાં હુકમો કે કલમોનો બાધ નડતો નથી. તે બાબત ધ્યાનમાં રાખી માહિતીનહિં આપનાર જાહેર માહિતીઅધિકારી સામે દંડનીય કાર્યવાહી કરવા વિનંતી અને પોતાનું નામ નહી જણાવનાર જાહેર માહિતીઅધિકારી સામે કાયદેસરના પગલા લેવા વિનંતી. (૪) તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીએ માહિતી આયોગના હુકમોનું ખોટુ અર્થઘટન કરીને અમો આર.ટી.આઈ. અરજદારને માહિતી મેળવવામાં અવરોધ ઉભો કરેલ છે અને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. આમ, તેઓ જાહેર માહિતીઅધિકારીએ પોતાની સત્તા અને ફરજોનો બહારની કામગીરી કરેલ હોઈ અને બેજવાબદાર રીતે પોતાની સત્તા ફરજો નિભાવેલી હોય તેવું જણાઈ

આવે છે તેથી તેઓને કસુરવારી ઠરાવીને કાયદેસરની દ્દંડનીય કાર્યવાહી કરવા વિનંતી. (૫) તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીએ અમો આર.ટી.આઈ. અરજદારની અરજીના મુદ્દા નં.૨૫ અને ૨૬ની આંશિકમાહિતી બાબતે અમોને અસંતોષ હોઈ અને આપેલ આંશિકમાહિતી અમોને કબુલ મંજુર ન હોઈ તેથી અમો આર.ટી.આઈ. અરજદારની પ્રથમ અપીલને કાયદેસરની અપીલ તરીકે દાખલ કરીને તેઓ જાહેર માહિતીઅધિકારી સામે કાયદેસરની દંડનીય કાર્યવાહી વિનતી કરેલ હતી.

**(૫)**અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૬૩, તા.૦૨/૧૨/૨૦૨૩ મુજબતા.૦૮/૧૨/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૩૦ અને પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૬૯, તા.૨૧/૧૨/૨૦૨૩ મુજબ તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૩૦કલાકે અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. એન્ડ હો.)આરોગ્ય વિભાગ, રૂમ નં.૮૭, બીજો માળ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી દ્વારા સદર સુનાવણી લેટર મળવામાંવિલંબ થયેલ હોવાનું જાણ કરતો પત્ર અત્રેની કચેરીને મોકલેલ હોય, ફરી વખત અત્રેની કચેરીના પત્ર નં.પીએચ/અપીલ/આઉટ/૭૩, તા.૦૫/૦૧/૨૦૨૩ મુજબ તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૨૦ કલાકે રૂબરૂ સુનાવણી સારૂ ઉકત સ્થળે હાજર રહેવા જણાવવામાં આવેલ પરંતુઅરજદારશ્રીએ અત્રેની કચેરી સાથે ટેલીફોનીક સંપર્ક કરી જાણ કરેલ કે, તેઓ ઉકતતારીખે લગ્ન પ્રસંગમાં વ્યસ્તહોય સદર તારીખે હાજર રહી શકે તેમ ન હોય અન્ય તારીખે અપીલ અરજીની સુનાવણી રાખવા રજુઆત કરવામાં આવેલ.ત્યારબાદઅરજદારશ્રીતા.૨૩/૦૧/૨૦૨૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના અન્યવિભાગમાં પણ અપીલ કરેલ હોય, જે અન્વયે હાજર રહેવાના હોવાનું ટેલિફોનીક જણાવી આરોગ્યવિભાગની પણ અપીલ સદર દિને રાખવા વિનંતી કરેલ જેને માન્ય રાખી સદર દિને અરજદારશ્રીને ટેલિફોની સંપર્ક કરી રૂબરૂ સુનાવણી તા.૨૩/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકેઉકત જણાવેલ સ્થળે ફરીથી રૂબરૂ સુનાવણી પરત્વે હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી તથા જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગ,સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા.

**(૬)**રૂબરૂ સુનાવણી દરમ્યાનઅરજદારશ્રીએ "અમો આર.ટી.આઈ. અરજદારની આર.ટી.આઈ. અરજીનાં મુદ્દા નં.૨૪,૨૫,૨૬ અને ૧૫ની માહિતીવિના મૂલ્યે પૂરી પાડવાની રજુઆત કરેલ છે. ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર ખાતે સદર માહિતી પુરાવા તરીકે સામેલ કરવાની હોઈ તે જાણમાં લેવા વિનંતી અને સરદ માહિતી વહેલામાં વહેલી તકે પૂરી પાડવાનો હુકમ કરવા વિનંતી" તે મુજબની રજુઆત કરેલ છે.જયારે જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસર,આરોગ્યવિભાગ દ્વારા"આર.ટી.આઈ.ની અરજી સંદર્ભે પાઠવેલ પ્રત્યુત્ત બરાબર હોય, જે અનુસંધાને વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી"તે મુજબની રજુઆત કરવામાં આવેલ.

**(૭)** સદર અપીલ અરજી બાબતે અપીલ અધિકારીશ્રીનું નીરીક્ષણ નીચે મુજબ છે.

અરજદારશ્રીધ્વારા મુદ્દા નં.૨૫ થી ૨૬પરત્વે આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧)(ઠ) થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧)(ચ) મુજબ માહિતી જાહેર કરવામાંથી મુકિત અંગેની જોગવાઈ છે તથા દિલ્હી નામ.હાઈકોર્ટ રીટ પીટીશન નં.૮૦૩/૨૦૦૯ થી શ્રીવિજય પ્રકાશ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી સર્વિસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાણાંકીય વ્યવહારવિગેરે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં કલમ–૮(૧)(ઝ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડિસમીસ કરવામાં આવેલ હોવાનું તથા નોકરી રાખનાર સંસ્થા અને નોકર (એમ્પલોઈ) વચ્ચેનો સંબંધ વિશ્વશનીય સંબંધોનો હોવાનું ભુતકાળમાં નામ.કોર્ટે પણ તેના ચુકાદામાં તેની નોંધ કરેલ હોવાનું ધ્યાને છે. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટની લાર્જર બંધારણીય બેંચ ધ્વારા આપવામાં આવેલ હુકમથી બંધારણ આપેલ રાઈટ ટુ

પ્રાયવસીએ મૌલિક અને મુળભુત અધિકાર હોવાનું જણાવેલ છે. વધુમાં, વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતીવિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે, તેવુ અરજદારશ્રીપ્રતિપાદિત કરી શકેલ હોવાનું જણાતુ નથી કે તે અંગે કોઈ આધાર/પુરાવા રજુ કરવામાં આવેલ નથી.વધુમાં જાહેર માહિતીઅધિકારીશ્રીધ્વારામાહિતીઆપવાનો ઈન્કાર કે માહિતી છુપાવવાનો કોઈ બદઈરાદો જણાતો નથી.

(૮)અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીતેમજ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીધ્વારા કરેલ રજુઆતતથા જાહેર માહિતીઅધિકારીઅનેસેકશન ઓફિસરશ્રી,આરોગ્યવિભાગતરફથીઅરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરતેમજ રૂબરૂ સુનાવણીમાં કરેલ રજુઆતવિગેરેધ્યાનેલઈ નીચે મુજબનો હુકમ કરી અપીલઅરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીનીતા.૧૫/૦૯/૨૦૨૩(આઈ.ડી.નં.૩૧૮)આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસર, આરોગ્યવિભાગધ્વારાતેઓના વિભાગને લાગત અરજીના મુદ્દા નં. ૨૫ અને ૨૬પરત્વેનીમાહિતી માટે અરજદારશ્રીનેમાહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી, આર.ટી.આઈ. એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર/પુરાવા સહિત સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાતું હોય, સદર અપીલ અરજી બાબતે અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું નથી, તે મુજબ સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦/એ,ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/
તા. /૦૨/૨૦૨૪

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/23/2023,Dt.30/10/2023**
**આરોગ્યવિભાગ**

**અરજદાર :** શ્રીરાજેશભાઈ એમ. સોલંકી
**સામાવાળા:**જાહેર માહિતીઅધિકારી અને જુ.મેડીકલ ઓફિસર, નવાનગર અ.હે.સે.,સુરત મહાનગરપાલિકા

**(૧)**અરજદારશ્રી દ્વારાતા.૨૬/૧૦/૨૦૨૩નારોજપ્રથમ અપીલ અધિકારીશ્રી અને ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ),આરોગ્યવિભાગની કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી તા.૩૦/૧૦/૨૦૨૩ના રોજ અત્રેના વિભાગને પ્રાપ્તથયેલ છે.અરજદારશ્રીએ "તા.૧૩–૦૯–૨૦૨૩ની આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં.૨૪, ૨૫ અને ૨૬ની આંશિક પુર્તતા બાબતે અસંતોષ અને નહી મળેલ માહિતી બાબતે"કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલછે.

**(૨)**અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૫/૦૯/૨૦૨૩(આઈ.ડી.નં.૩૧૮)થીજાહેર માહિતીઅધિકારીશ્રી અને કમિશ્નર સાહેબશ્રી, સુરત મહાનગરપાલિકા,મ્યુનિ.કમિશ્નરશ્રીનું કાર્યાલય, મુગલીસરા,સુરત–૩૯૫૦૦૩૦ને ઉદ્દેશીને કરેલ નમુના–'ક'ની અરજી જાહેર માહિતીઅધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સી./આર.ટી.આઈ./૩૧૮, તા.૧૬/૦૯/૨૩ થી જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ, જે અરજી જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારાઅન્યવિભાગ સહિત અત્રેના નવાનગર અર્બન હેલ્થ સેન્ટરને પણ તબદીલ કરેલ, જે નમુના "ક" ની અરજીથી વિવિધકુલ–૨૭ મુદ્દાઓની માહિતીમાંગેલ હોવાનું જણાય છે.

**(૩)**અરજદારશ્રીનીઉકત અરજી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને જુ.મેડીકલ ઓફિસર, નવાનગર અર્બન હેલ્થ સેન્ટર દ્વારાપત્ર નવાનગર અ.હે.સે. આઉટવર્ડ નં.૩૦૬, તા.૨૦/૧૦/૨૦૨૩થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે. જે મુજબ મુદ્દા નં.૨૪ અને ૨૫ પરત્વે "પ્રસ્તુત મુદ્દાઓ નં.૨૪, ૨૫ અંડરલાઈન કરેલ અત્રેનાં લાગત અંશતઃ માહિતીને જાહેર ગતિવિધી અથવા વિશાળ જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ હોવાનું જણાતું ન હોય તેમજ ત્રાહિત પક્ષકારને તેવી માહિતી આપવાથી સંબંધિતનાં વ્યકિતગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેતી હોય, પ્રસ્તુત માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. જ્યારે મુદ્દા નં.૨૬ પરત્વે "પ્રસ્તુત મુદ્દામાં અંડરલાઈન કરેલ અત્રેના વિભાગને અંશતઃ લાગત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતી 'નીલ' છે"તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૪)**ઉપરોકત આપેલ પ્રત્યુત્તરપરત્વે અરજદારશ્રી દ્વારાતા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેમાં જણાવ્યા મુજબ(૧)તેઓ જાહેર માહિતી અધિકારીશ્રીએ મુદ્દા નં.૨૪,૨૫,૨૬ બાબતે મનસ્વી જવાબ આપીને અમો આર.ટી.આઈ.અરજદારને માહિતી મેળવવામાં અવરોધ ઉભો કરેલ હોય, તેવુ જણાઈ આવે છે. સુરત મહાનગરપાલિકામાં સેવા અને ફરજો બજાવતા તમામ કર્મચારીઓને અને અધિકારીઓની સેવાપોથી ફરજીયાત હોઈ અને સદર માહિતી સેવાપોથીના સંદર્ભમા માહિતી હોવા છતાં પણ તેઓ જાહેર માહિતી અધિકારીશ્રીએ માહિતી આપવાનો ઈન્કાર કરીને અમારા માહિતી માંગવાના બંધારણીય હકકમાં અવરોધ ઉભો કરેલ છે તેથી તેઓને કસુરવાર ઠરાવીને તેઓની સામે દંડનીય કાર્યવાહી કરવા વિનંતી છે. (૨)તેઓ જાહેર માહિતીઅધિકારીશ્રીએ મુદ્દા નં.૨૪,૨૫,૨૬ ની માહિતી બાબતે અમોનો ત્રાહિત પક્ષકાર તરીકે જણાવીને માહિતી આપવાથી ઈન્કાર કરેલ છે. તે બાબતે ખુલાસો કરવાનો કે અમો આર.ટી.આઈ. અરજદારે મુદ્દા નં.૨૪,૨૫,૨૬ માં જણાવેલ મુદ્દા નં.૨૪,૨૫,૨૬ માં જણાવેલ નં.૧ થી ૪ નાઓ સામે ગુજરાત તકેદારી આયોગમાં કાયદેસરની ફરીયાદ દાખલ કરેલ હોઈ અને કાયદેસરનાં ફરીયાદી હોઈ તેથી સદર માહિતી મેળવવી અમારો કાયદેસરનો હકક હોઈ પરંતુ તેઓ જાહેર માહિતી અધિકારીશ્રીએ મનસ્વી વલણ અપનાવીને માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે.તેથી તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી તમામ માહિતી વિનામૂલ્યે પુરી પાડવા વિનંતી કરેલ હતી.

**(૫)**અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૬૩, તા.૦૨/૧૨/૨૦૨૩ મુજબતા.૦૮/૧૨/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૩૦ અને પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૬૯, તા.૨૧/૧૨/૨૦૨૩ મુજબ તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૩૦કલાકે અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. એન્ડ હો.) આરોગ્ય વિભાગ, રૂમ નં.૮૭, બીજો માળ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી દ્વારા સદર સુનાવણી લેટર મળવામાં વિલંબ થયેલ હોવાનું જાણ કરતો પત્ર અત્રેની કચેરીને મોકલેલ હોય, ફરી વખત અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૭૩,

તા.૦૫/૦૧/૨૦૨૩ મુજબ તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૨૦ કલાકે રૂબરૂ સુનાવણી સારૂ ઉકત સ્થળે હાજર રહેવા જણાવવામાં આવેલ પરંતુઅરજદારશ્રીએ અત્રેની કચેરી સાથે ટેલીફોનીક સંપર્ક કરી જાણ કરેલ કે, તેઓ ઉકત તારીખે લગ્ન પ્રસંગમાં વ્યસ્ત હોય સદર તારીખે હાજર રહી શકે તેમ ન હોય અન્ય તારીખે અપીલ અરજીની સુનાવણી રાખવા રજુઆત કરવામાં આવેલ.ત્યારબાદઅરજદારશ્રી તા.૨૩/૦૧/૨૦૨૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગમાં પણ અપીલ કરેલ હોય, જે અન્વયે હાજર રહેવાના હોવાનું ટેલિફોનીક જણાવી આરોગ્ય વિભાગની પણ અપીલ સદર દિને રાખવા વિનંતી કરેલ જેને માન્ય રાખી સદર દિને અરજદારશ્રીને ટેલિફોની સંપર્ક કરી રૂબરૂ સુનાવણી તા.૨૩/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકેઉકત જણાવેલ સ્થળે ફરીથી રૂબરૂ સુનાવણી પરત્વે હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી તથા જાહેર માહિતીઅધિકારી અને જુનીયર મેડીકલ ઓફિસરશ્રી, નવાનગર અર્બન હેલ્થ સેન્ટર,સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા.

**(૬)**રૂબરૂ સુનાવણી દરમ્યાનઅરજદારશ્રીએ ''અમો આર.ટી.આઈ. અરજદારની આર.ટી.આઈ. અરજીનાં મુદ્દા નં.૨૪,૨૫,૨૬ ની માહિતી આજદિન સુધી આપેલ નથી તેથી સદર માહિતી અમોને પુરાવા તરીકે કાયદેસરની કાર્યવાહીમાં સામેલ કરવાનાં હોઈ તેથી અમો આર.ટી.આઈ. અરજદાર/APPEALLANT ની મૌખિક રજુઆત છે સદર માહિતી વિના મૂલ્યે આપવાનો હુકમ કરવા વિનંતી''તે મુજબની રજુઆત કરવામાં આવેલ.

(૭)અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીતેમજ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીધ્વારા કરેલ રજુઆતતથા જાહેર માહિતીઅધિકારી અને જુનીયર મેડીકલ ઓફિસર, નવાનગર અર્બન હેલ્થ સેન્ટરતરફથીઅરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરવિગેરેધ્યાનેલઈ નીચે મુજબનો હુકમ કરી અપીલઅરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીનીતા.૧૫/૦૯/૨૦૨૩(આઈ.ડી.નં.૩૧૮)આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને જુનીયર મેડીકલ ઓફિસર, નવાનગર અર્બન હેલ્થ સેન્ટરધ્વારાતેઓના વિભાગને લાગત અરજીના મુદ્દા નં.૨૪અનેર૫પરત્વેનીમાહિતી માટે અરજદારશ્રીનેમાહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ આર.ટી.આઈ. એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાય છે. જયારે મુદ્દા નં.૨૬(આંશિક) મુજબ સદર કર્મચારીને બઢતી આપવામાં આવેલ ન હોય, તેઓના વિભાગની માહિતી 'નીલ' જણાવેલ છે જે ઉચિત જણાય છે. આમ, સદર અપીલ અરજી બાબતે અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું નથી, તે મુજબ સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/
તા.    /૦૨/૨૦૨૪

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/24/2023, Dt.06/11/2023**

**આરોગ્યવિભાગ**

**અરજદાર :** શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ
**સામાવાળા :** જાહેર માહિતીઅધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા

**(૧)**અરજદારશ્રી દ્વારા તા.૨૭/૧૦/૨૦૨૩ના રોજ મ્યુ.કમિશનરશ્રી, અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદન, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)સુરત મહાનગરપાલિકા પત્ર નં.સી./એફ.એ.પી./૬૯, તા.૩૦/૧૦/૨૩ થી પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ–આરોગ્ય)વિભાગ તબદીલ કરવામાં આવેલ, જે અરજી આસી.મેનેજર અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસર અને અપીલ અધિકારી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગનાં પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૩, તા.૦૬/૧૧/૨૦૨૩ થી અત્રેની કચેરીને સંપુર્ણ તબદીલ આપવામાં આવે છે. જે તા.૦૬/૧૧/૨૦૨૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ "માગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ નથી" તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**(૨)**અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૧/૧૦/૨૦૨૩ (આઈ.ડી.નં.૧૭૫૬)થી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતીઅધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી./આર.ટી.આઈ/આઉટ/૧૭૫૬, તા.૧૨/૧૦/૨૦૨૩થીઅન્યવિભાગો સહિત અત્રેના વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ, જે નમુના "ક"ની અરજીથી કુલ–૦૭ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

**(૩)**અરજદારશ્રીનીઉકત નમુના–'ક'ની અરજીથી માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતીઅધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ દ્વારા પત્ર નં.પીએચડી/વીએસસી/આઉટ/૧૫૪૨, તા.૧૯/૧૦/૨૦૨૩ થી મુદ્દા નં.૧ પરત્વે "મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા પરિપત્રો બહાર પાડવામાં આવે છે" તેમજ મુદ્દા નં.૨ પરત્વે "મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા પરિપત્રો બહાર પાડવામાં આવે છે, જેનાં અનુસંધાનમાં અત્રેના વિભાગ દ્વારા તેનો અમલ કરવામાં આવે છે" જ્યારે મુદ્દા નં.૩ પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા પરિપત્રો બહાર પાડવામાં આવે છે, જેમાં ફિલ્ડ ડયુટી કરતાં તમામ કર્મચારીઓને લાગુ પાડવામાં આવે છે" મુદ્દા નં.૪ પરત્વે "અત્રેનાં વિભાગને લાગુ પડતું નથી" મુદ્દા નં.૫ અને ૬અન્વયે "સુરત મહાનગરપાલિકાના આઈ.એસ.ડી. વિભાગ દ્વારા Leave Data Entry નો પ્રોગ્રામ બનાવેલ છે, જેમાં જે તે કર્મચારી દ્વારા ફરજ બજાવેલ/ ભોગવેલ જાહેર તહેવારની રજાની તે પ્રોગ્રામમાં એન્ટ્રી કરવામાં આવે છે" અને મુદ્દા નં.૭ અન્વયે "જે તે વિભાગનાં ખાતાનાં વડાશ્રી પાસે મંજુરી મેળવી કાર્યવાહી કરવામાં આવે છે" તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૪)**ઉપરોકત બાબતે અરજદારશ્રી દ્વારા તા.૨૭/૧૦/૨૦૨૩ના રોજ અરજીમાં જણાવ્યા મુજબ જાહેર તહેવારની રજાઓના પરિપત્રો તથા જા.ત.રજા આપવામાં આવતી હોય તેની તમામ કર્મચારીઓની માહિતી પુરી પાડવા અપીલ કરેલ છે.

**(૫)** અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૬૧, તા.૦૧/૧૨/૨૦૨૩ મુજબ તા.૦૭/૧૨/૨૦૨૩ તેમજ પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૭૦, તા.૨૧/૧૨/૨૦૨૩ મુજબ તા.૨૯/૧૨/૨૦૨૩ના રોજ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી, આરોગ્યની કચેરી, બીજો માળ, સુરત મહાનગરપાલિકા ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ, પરંતુ ઉકતબન્ને દિને અરજદારશ્રી હાજર રહયા ન હોય, રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હોવાથી ફરી અત્રેની કચેરીનાં પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૭૨, તા.૦૪/૦૧/૨૦૨૪ મુજબ

તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી તેમજ જાહેર માહિતીઅધિકારી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા.

(૬)ઉકત પ્રથમ અપીલની રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રી તરફથી કરેલ રજુઆતમાં "આર.ટી.આઈ.માં માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી, જેથી માંગ્યા મુજબની તમામ માહિતી આપવી" તે મુજબની રજુઆત કરેલ છે, જયારે જાહેર માહિતીઅધિકારી તરફથી સદર રજુઆત અન્વયે " સંબંધિત પરિપત્રની નકલ પુરી પાડવામાં આવશે" તેમ જણાવેલ હતું.

અરજદારશ્રીની નમુના—'ક'ની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ તરફથી અરજદારશ્રીની જાણ હેઠળ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

અરજદારશ્રીની તા.૧૧/૧૦/૨૦૨૩ (આઈ.ડી.નં.૧૭૫૬)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ ઉકત પેરા—૩નીવિગતે જાહેર માહિતીઅધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ ઘ્વારા પત્ર નં.પીએચડી/વીએસસી/આઉટ/૧૫૪૨, તા.૧૯/૧૦/૨૦૨૩ થી માંગેલ મુદ્દાઓ પરત્વે માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, પરંતુ રૂબરૂ સુનાવણી દરમ્યાનઅરજદારશ્રીઘ્વારા રજા અંગેના પરિપત્રની માહિતી માંગેલ હોય અને અન્ય કયા મુદ્દા પરત્વે માહિતી મળેલ નથી તેની સ્પષ્ટતા કરેલ ન હોય, જાહેર માહિતીઅધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન બ્રાંચને રજા અંગેના પરિપત્રની નકલ વિના મુલ્યે અરજદારશ્રીને અત્રેના વિભાગની જાણ હેઠળ આ હુકમ મળ્યેના દિન—૦૫ માં પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

આરોગ્યઅધિકારી અને
એપેલેટ ઓફીસર,
સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/અપીલ/
તા.    /૦૧/૨૦૨૪

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/25/2023, Dt.08/12/2023

**આરોગ્ય વિભાગ**

**અરજદાર :** શ્રી તલ્હા ચાંદીવાલા
**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગ,સુરત મહાનગરપાલિકા

**(૧)** અરજદારશ્રી દ્વારા તા.૦૫/૧૨/૨૦૨૩ના રોજ પ્રથમ અપીલ અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને એક્ઝિ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સી.સી.સી./સી.ઝેડ/આઉટ/૪૪૩, તા.૦૬/૧૨/૨૦૨૩ થી અન્ય વિભાગો સહિત અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે તા.૦૮/૧૨/૨૦૨૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ "તમામ જાહેર માહિતી અધિકારીઓ દ્વારા અમોને નિયત સમયગાળા દિન–૩૦માં માહિતી અધિકારી દ્વારા આપવા મુજબની માહિતી આપેલ છે, માગ્યા મુજબની માહિતી મળેલ નથી, અધુરી માહિતી મળેલ છે, ખોટી માહિતી મળેલ છે અને આજદિન સુધી નિરક્ષણ આપેલ નથી, આજદિન સુધી કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલ નથી " તેમ કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**(૨)** અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૦/૦૯/૨૦૨૩ (આઈ.ડી.નં.૧૫૭૬)થી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સી/આરટીઆઈ/૩૪૪, તા.૦૩/૧૦/૨૦૨૩થી અન્ય વિભાગો સહિત અત્રેના વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ, જે નમુના "ક"ની અરજીથી "સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી દ્વારા ધી બી.પી.એમ.સી. એકટની લાગુ કલમ/પેટા કલમથી કમિશનરને આપેલ તમામ સત્તા(પાવર્સ) પૈકીની સત્તા(પાવર્સ) તેમના તાબા હેઠળના અધિકારીઓને/કર્મચારીઓને સુ.મ.પા.નાં વહીવટી હેતુસર આજ–દિન સુધીના તમામ સુપ્રત કરેલ/સોંપેલ આપવામાં આવેલ DP POWER'S ની માહિતીની પ્રમાણિત નકલ આપવી" તે બાબતની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

**(૩)** અરજદારશ્રીની ઉકત નમુના–'ક'ની અરજીથી માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, આરોગ્ય વિભાગ દ્વારા પત્ર નં.પીએચડી/આરટીઆઈ/આઉટ/૨૩, તા.૧૯/૧૦/૨૦૨૩થી "સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના ખાતાઅધિકારી તરીકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) તેમજ આરોગ્ય અધિકારીને સુપ્રત કરવામાં આવેલ આજ–દિન સુધીના પાવર ડેલીગેશન (DP POWER)ની પ્રમાણિત નકલ જો આપ મેળવવા ઈચ્છુક હોવ તો તે માહિતીની નકલ કુલ–૧૪૧ પાનામાં આપશ્રીને પુરી પાડવાની થતી હોય જે અંગે પ્રતિ નકલ દીઠ રૂ.૦૨/–લેખે દસ્તાવેજી ચાર્જ રૂ.૨૮૨/–(અંકે રૂપિયા બસ્સો બયાંસી પુરા)સુરત મહાનગરપાલિકામાં જમાં કરાવ્યેથી તેની નકલ પુરી પાડવામાં આવશે, જે ઉપરથી આપશ્રી માહિતીનો સંદર્ભ મેળવી શકશો" તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર/પ્રસ્તાવ પાઠવેલ હોવાનું જણાય છે. ઉકત પ્રસ્તાવના અનુસંધાનમાં અરજદારશ્રી તરફથી આરોગ્ય વિભાગની રૂબરૂ મુલાકાત લઈ સોફટ કોપીમાં પાવર ડેલીગેશન (DP POWER) માંગેલ, જે પરત્વેજાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, આરોગ્ય વિભાગ ધ્વારા પુરી પાડેલ હોવાનું જણાય છે.

**(૪)** ઉપરોકત બાબતે અરજદારશ્રી દ્વારા તા.૦૫/૧૨/૨૦૨૩ના રોજ અરજી સાથે જાહેર માહિતી અધિકારીઓની લીસ્ટ બિડાણ કરી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ, જેમાં જણાવ્યા મુજબ "અરજી સંબંધે મુદ્દા નં.૦૧માં માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવું જણાય છે તેથી બદશય પુર્વક માહિતી છુપાવેલ છે અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી નિયમ સમય મર્યાદામા કે બાદમાં જાહેર માહિતી અધિકારી દ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામુલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. મુદ્દા નં.૦૧થી માંગેલ માહિતી ખુબ જ મહત્વની હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ અમોને પુર્વ યોજના મુજબ આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી તેમજ માહિતીના જવાબો ન આપી ગેરમાર્ગે દોરવામાં આવી રહયો છે અને

જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકારનો અનાદર કરેલ છે અને કાયદાનું પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે. માંગવામાં આવેલ માહિતી હજુ સુધી મળી નથી સાચી માહિતી નહી આપી તે માહિતી છુપાવવાનો પ્રયાસ કરાયો હોય એવું સાબિત થાય છે સાથે જ માહિતી નહી આપવાની બાબત વિભાગમાં થયેલ ભ્રષ્ટાચારને ઉજાગર કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકાની તિજોરીને થયેલ નુકશાની પણ ખુલ્લી પડે તેમ છે. વધુમાં સદર માહિતી આપવા જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ની કલમ ૭(૬) હેઠળ દિન–૦૭ માં વિનામુલ્યે આપવા અને ભવિષ્યમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે આવતી માહિતીની અરજી અંગે કાયદાનું યોગ્ય અને સમયસર પાલન કરવા જાહેર માહિતી અધિકારીને હુકમ કરશો તથા માહિતી કયાં કારણોસર આપી નથી તેનું ખુલાસો કરવા હુકમ કરવા અંગેની દાદ માગવામાં આવેલ છે.

**(૫)** અરજદારશ્રીની નમુના–'ક'ની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, આરોગ્ય વિભાગ તરફથી અરજદારશ્રીની જાણ હેઠળ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૦/૦૯/૨૦૨૩ (આઈ.ડી.નં.૧૫૭૬)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ ઉકત પેરા–૩ની વિગતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,આરોગ્ય વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/આરટીઆઈ/આઉટ/૨૩, તા.૧૯/૧૦/૨૦૨૩ થી પ્રસ્તાવ આપેલ, જે અરજદારશ્રી સ્વીકાર કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી બાબતે તેઓને જરૂરી માહિતી કચેરીની રૂબરૂ મુલાકાત લઈ સોફટ કોપીમાં મેળવી લીધેલ જણાતું હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય, સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

ડે.મ્યુનિ.કમિશ્નર અને
એપેલેટ ઓફીસર,
સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/અપીલ/
તા. /૧૨/૨૦૨૩